વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

અનસૂયા

વર્ષ - ૪૨ : અંક - ૭-૮ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : એપ્રિલ ૬, ૨૦૨૪

# આવતી ચુંટણીમાં સર્વ રાજકીય પક્ષોને 'સેવા'નું આવેદન

અમે, 'સ્વાશ્રયી મહિલા સેવા સંઘ' (સેવા), આપણા દેશની ૨૯,૦૯,૧૮૦ સ્વાશ્રયી મહિલા કામદારો વતી આ આવેદન પત્ર ભારતના સર્વ રાજકીય પક્ષોને રજૂ કરીએ છીએ.

ગરીબી એ હિંસા જ છે તે ઈલાબેને વારંવાર કહ્યું છે. રોજના ૧૦ કલાક પ્રામાણિક અને સખત મહેનત કરી દેશના નાગરિકો માટે અમે ઉત્પાદન કરીએ છીએ અને સેવા આપીએ છીએ છતાં અમે બહેનો ગરીબ રહીએ છીએ. આવક વધે છે ત્યારે પણ અમારી અસહાયતા વધતી રહી છે અને તેથી મહેનત કરનાર અમે મજૂર બહેન સુરક્ષા કે આઝાદી ભોગવી શકતી નથી.

જયાં આવી સામાજિક સહમતીથી થયેલ ગરીબી આવી હોય ત્યાં સ્વાશ્રય, ખાસ કરીને બહેનો માટે સ્વાશ્રય, અશક્ય છે તે અમારે સર્વ રાજકીય પક્ષોને જણાવવું છે. અમને આ હિંસાથી મુક્ત થવા દો.

અમારે ગૌરવભરી આવક જોઈએ છે. રોજી અને રોજગારી અમારી પહેલી અને પ્રાથમિક માંગ છે. એવી આવક જોઈએ કે, જે અમને ખાધેપીધે અધૂરા ન રાખે. અમારી, અમારા કુટુંબના રોજબરોજના સ્વાસ્થ્યની, શિક્ષણની અને બેકિંગની જરૂરિયાતો પૂરી કરે તે અમારી માંગ છે.

અમારે એવી રોજગારી જોઈએ જે અમારી આવક પણ વધારે અને ઉત્પાદકતા પણ વધારે, જે દવાનો ખર્ચ ઘટાડે અને સ્વાસ્થ્ય સુખાકારી સંપૂર્ણ રીતે વધારે.

સમુલ્લાસ ભર્યું જીવન જીવવા અમારે રાહત કે સબસીડીની જરૂર જ નથી. કોઈની રોજી છીનવી અમારી રોજી ઉભી થાય તેવી આર્થિક હિંસા અમારે કરવી નથી.

અમારે અમારી જિંદગી, હિંમત અને ગર્વ સાથે અમારા પોતાના પગ ઉપર ઉભા રહી જીવવી છે. અમને તો પૂર્ણ રોજગારી જોઈએ છે અને તે પણ ખૂબ ઝડપથી બદલાઈ રહેલા આધુનિક ભારતની પરિસીમાઓમાં.

ભારતનું અર્થતંત્ર મૂળભૂત અધિકારો દ્વારા દરેક નાગરિકને અમારા જેવા નાગરિકોને અધિકારો આપ્યા છે પણ પ્રાથમિક જરૂરિયાતો અને મૂળભૂત અધિકારો વચ્ચે ઘણી મોટી ખાઈ છે તે વાસ્તવિકતા છે. આ તફાવતની ખાઈ પૂરવા અમે આઝાદ ભારતના દરેકેદરેક રાજકીય પક્ષોને 'સેવા'નો આ આવેદનપત્ર એટલે કે, સામાન્ય ચુંટણીનો ઢંઢેરો સ્વીકારવા આમંત્રણ આપીએ છીએ.

**શહેરીકરણ :**

ગામડાઓથી શહેર તરફ સ્થળાંતર વધી રહ્યું છે. શહેરીકરણ નાથવું જ રહ્યું. શહેરીકરણ એજ વિકાસ નથી. શહેરીકરણથી ગરીબી અને બેરોજગારી વધી છે અને કામદારો તથા કારીગરો વિકાસના હાંસિયામાં ફેંકાઈ ગયા છે. શહેરીકરણથી પ્રદૂષણ વધ્યું છે. અરે હવે તો, શહેરોમાં શ્વાસ લઈ શકાય તેવી સ્વચ્છ હવા પણ રહી નથી. દિલ્હીમાં સ્વચ્છ હવા નથી.

બેંગલોરમાં પીવાનું પાણી નથી.

ગામથી શહેર તરફ સ્થળાંતર કરતા કામદારો પોતાના પરિવારને તોડે છે, છોડે છે અને પાછળ મોટી ઉંમરના મા-બાપ અને નાના બાળકો રખડતાં મૂકે છે. શહેરીકરણથી શહેર પાસેની ખેતીની જમીન જતી રહે છે. પાતાળમાંનું પાણી પુરું થતું જાય છે. આજુબાજુ થયેલું પેદાશ શહેરમાં ખેંચાય જાય છે અને સ્થાનિક બજારો તૂટે છે.

અમારા પાંચ દસકાના અવિરત અને સળંગ અનુભવ પરથી સમજ્યાં છીએ કે, સ્થાનિક રોજગારી અને આવકની તકો જ્યારે ગામેગામ અને ખેતરેખેતરે મળશે ત્યારે ધસમસતું શહેરીકરણ ધીમું પડશે. અમને અમારા ઘરે, ગામેગામ, ચોરે અને પાદરે કમ્પ્યુટરની, એનર્જીની અને ટેકનોલોજીની તાલીમો અને કૌશલ્યો આપો તો અમારે શહેર તરફ ધસી ન જવું પડે. શહેરોનું કામ તો ગામડાની રોજગારી વધારવાનું અને ગામડાના કુદરતી સંસાધનો વિકસાવવાનું છે.

ગામડાથી શહેરમાં અને એક રાજ્યથી બીજા રાજ્યમાં સ્થળાંતર કરવું એ મજબૂરી છે અને એક દેશમાંથી બીજા દેશમાં માનવહક્ક અને મજૂરીના કાયદા વગર પ્રયાણ કરવું એ ચિંતા ઉપજાવે તેવું છે. સ્થળાંતરિત થઇ જ્યાં જઈએ છીએ તે રાજ્ય કે શહેર કે દેશમાં પણ ખૂબ તકલીફ પડે તેવા રોટી, કપડાં અને મકાનના પ્રશ્નો ઉભા થાય છે. અમે અસંગઠિત કામદાર બહેનો અમારી સ્થળાંતર કરેલી અને કરતી બહેનો માટે કાયદાનું રક્ષણ અને સામાજિક સુરક્ષાના સર્વવ્યાપી અધિકારો માંગીએ છીએ.

ટૂંકમાં અમે રોજીરોટી માટે કરવા પડતાં સ્થળાંતરની હિંસા અટકાવવા અને સ્થાનિક કક્ષાએ હજારો નવી તકો ઉભી કરવી, તે સર્વ પક્ષો પાસે માંગીએ છીએ.

દરેક શહેરમાં આવતા પાંચ વર્ષમાં પાંચ અસંગઠિત બહેનોના ઉત્પાદનના વેચાણ માટે ખુલ્લા બજારો ઉભા કરવા જોઈએ અને ચાલુ ખુલ્લા બજારોને માન્યતા આપવી જોઈએ. દરેક શહેરમાં વેચનારા માટે બનેલ કાયદો પ્રોટેકશન ઓફ લાઈવલીહૂડ એન્ડ રેગ્યુલેશન ઓફ સ્ટ્રીટ વેન્ડીગ એક્ટ,૨૦૧૪ હેઠળ વેચવા માટેના લાયસન્સ મળવા જોઇએ. તેમજ, તેમના સ્વાભાવિક બજારોને માન્યતા આપવી જોઇએ જેથી કરીને રોજગારી ટકી રહે. તેમજ આવા વેચનારાના સ્વાભાવિક બજારોનો દરેક શહેરમાં દર વર્ષે ઓછામાં ઓછા ૫ સ્વાભાવિક બજારોનો વિકાસ થવો જોઇએ.

**શિક્ષણ :**

ગરીબ કામદાર માતાના એકેએક સંતાનને ૧ થી ૧૦ ધોરણ મફત શિક્ષણ તરીકે મળવું જોઈએ અને પહેલા વર્ષથી અંગ્રેજી ભાષા, કમ્પ્યુટરની ભાષા અને ભારતના ઈતિહાસ ભણાવવામાં આવે.

આ એવું શિક્ષણ હોય કે જેમાં કૌશલ્ય શિખવા મળે, ઔદ્યોગિક તાલીમ મળે, આધુનિક સાધનો વાપરતા શિખવા મળે, અને જે ટેકનોલોજી હજુ આવી નથી તેની પણ જાણકારી ગરીબ અને કામદાર બહેનોના બાળકોને બધા કરતા પહેલી નહીં પણ સાથોસાથ તો મળે જ મળે.

**કૌશલ્ય તાલીમ :**

દરેક ગામો અને શહેરના દરેક વોર્ડમાં અત્યારે ઉપયોગમાં લેવાતી હોય તેવા કૌશલ્યની તાલીમ દરેક ઉંમર ખાસ કરીને બહેનો માટે મળતી હોય. પછી તે સોશિયલ મીડિયા વાપરવાનું હોય કે મોબાઈલ ફોનથી પૈસા ચૂકવવાનું હોય, પછી તે ધંધાનું સરવૈયું બનાવવાનું હોય કે નર્સિંગ કે ફિઝિયોથેરાપી હોય કે બાગકામ હોય કે સોલર પેનલની જાળવણી હોય કે બાંધકામ મજૂરોને કડિયા બનાવવાનું હોય કે, ઘરે-ઘરેથી કચરો એકત્રિકરણ કરવાનું કામ હોય કે તેના પ્રોસેસીગનું કામ હોય.આવી તાલીમો પુસ્તક કેન્દ્રીત અને વર્ગખંડમાં સ્થિત નહીં પરંતુ અનુભવી કારીગર દ્વારા સ્થળ પર આપનારી હોય, તેવી અમારી માંગ છે. અમને તક આપો અને અમે દેશને રિપેર કરી નવી તાલીમોથી આધુનિક અને અદ્યતન બનાવીશું.

દેશમાં કેર ઈકોનોમી એટલે કે, સારસંભાળ કરતી બહેનોને કોઈ સુરક્ષા કે સવલત નથી તે માટે આવી બહેનોના અને તેમના કામ માટે રક્ષણ આપે તેવું બોર્ડ બનાવવું જોઈએ તેમ માંગણી કરીએ છીએ.

રોજબરોજની વસ્તુઓ જ્યાં વપરાતી હોય એની આજુબાજુ જ બનાવવાની અમને તક આપો. ફક્ત અનાજ અને શાકભાજી જ સ્થાનિક ન હોય દા.ત.ચોખાનું ઉત્પાદન થતું હોય ત્યાં મમરા બને તેના લાડુ બને જેથી સ્થાનિક રોજગાર ઉભો થાય તેવી વ્યવસ્થા ઝડપથી ગોઠવાય તેવી માંગણી કરીએ છીએ. આ માટેના સંશોધન અને વિકાસ એટલે કે, રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સ્થાનિક કક્ષાએ જ થવા જોઈએ અને તે માટે ઉત્પાદન કરનારાઓ વપરાશ કરનારાઓના રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર ગામેગામ અને શહેરેશહેર બનાવવા જોઈએ. જેમ કે, ફેશન બદલાય તેમ સિલાઇકામ બદલાય. આ માટે નવા પ્રકારના કપડાં આવે અને મશીન ઉપર તે કામ ના કરી શકાય પણ, મશીનના એવાં નાના નાના પૂર્જા શોધાય જેનાથી કામદારો રોજી ગુમાવેનહી.આના પર સંશોધન સ્થાનિક સ્તરે થાય એ અમારી માંગણી છે. અમે માનીએ છીએ કે સ્થાનિક પૈસો સ્થાનિક બજાર અને સ્થાનિક મજૂરી પાસે રહેશે તો દુનિયાની કોઈપણ આર્થિક શક્તિ કે તાકાત ભારતના અર્થતંત્રને પાડી નહીં શકે.

**બાળસંભાળ :**

મહેનત કરનાર મજૂર સ્ત્રી માતા પણ છે, બહેન પણ છે તે વાત ભુલાઈ જાય છે. જો અમે બાળકોને જન્મ નહીં આપીએ તો કયો વિકાસ થવાનો છે અને કયો દેશ આગળ આવવાનો છે તેમ ઈલાબેન અમને પુછતા. જ્યાં જ્યાં બહેનો કામ કરતી હોય ત્યાં તેમની ઉપયોગી બાળસંભાળના કેન્દ્રો માલિકોના ખર્ચે અને સરકારી ટેકાથી ઉભા કરવા જ રહ્યા તેવી અમારી માંગણી છે. તેમજ આવા બાળસંભાળ કેન્દ્રો, નિશાળોમાં જ સેટ અપ કરવા જોઇએ જેથી બાળાસંભાળ કેન્દ્રમાંથી સીધા નિશાળોમાં બાળક જાય. યુવાવર્ગ માટે રોજીરોટી, કૌશલ્ય તાલીમ અને રોજગારીની તકો ક્યાં છે તે બાળસંભાળ કેન્દ્રો દ્વારા ખબર પડવી જોઈએ.

**દારૂબંધી :**

ભારતના બંધારણની કલમ ૪૭ પ્રમાણે ભારતમાં સંપૂર્ણ દારૂબંધી દાખલ કરવી જોઈએ અને જો બને તો તેમાં દરેક પ્રકારની નશાબંધી આવી જાય. નશાબંધીથી બચત વધશે, આવક વધશે, સુરક્ષા વધશે, સ્વાસ્થ સુધરશે તે આપણે સૌ બરાબર સમજીએ છીએ.

**કાયદો અને વ્યવસ્થા :**

ભારતના દરિયાકાંઠા પર માછીમારી, મીઠું, ગોદી બંદરના કામો અને બીજા ઉત્પાદક કામો કરતા દરેક પરિવારને સામાજીક સુરક્ષાથી સંપૂર્ણ આવરી લો. ઉપરાંત દરેક કામદાર માટે ઓક્યુપેશનલ હેલ્થ એન્ડ સેફટી એટલે કે કામ પર ધંધાકીય આરોગ્યની સલામતીનો અધિકાર સ્વીકારવો જોઈએ.

અસંગઠિત ક્ષેત્ર અને સંગઠિત ક્ષેત્ર વચ્ચે કાયદાકીય લાભોની જોગવાઈ જુદી જુદી છે તે કાઢી નાંખી અને દરેક કામદારને દરેક લાભ મળે તેવી અમે માંગણી કરીએ છીએ.

- અસંગઠિત ક્ષેત્રનો એક મોટો વર્ગ તે ઘરખાતા કામદારો છે. જેમના માટે આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાએ કન્વેન્શન ૧૭૭ બનાવ્યું છે. તેના ઉપરથી ઘરખાતા કામદારો માટે રાષ્ટ્રીય નીતિ બને. તેવી જ રીતે ઘરેલું કામદારો માટે આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાએ કન્વેન્શન ૧૮૯ પસાર કર્યું છે તે આપણા દેશે રેટીફાય કરવું જરૂરી છે તેમ અમે માંગીએ છીએ.
- ૨૮ કરોડ અસંગઠિત શ્રમિકો ઈ-શ્રમ કાર્ડ હેઠળ નોંધાયા છે તેમને મૂળભૂત સામાજિક સુરક્ષા આરોગ્ય, બાળસંભાળ, શિક્ષણ, પ્રસુતિસહાય, જીવનવીમા અને ડિસેએબીલીટી વીમા તેમજ પેન્શન હેઠળ આવરી લેવા જોઈએ. આ મૂળભૂત સામાજિક સુરક્ષા કવચ હેઠળ આવર્યા બાદ તેમના ધંધાને ધ્યાનમાં રાખીને સામાજિક સુરક્ષાની યોજનાઓ ઘડવી જોઈએ. તેવી અમારી માંગણી છે.
- સમગ્ર અસંગઠિત ક્ષેત્રના કામદારોને કામદાર રાજ્ય વીમા યોજના (ESI) હેઠળ આવરી લેવા જોઈએ. જેની શરૂઆત બાંધકામ કામદારોથી થવી જોઈએ. જેમાં બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ વેલ્ફેર બોર્ડમાં કરોડો રૂપિયા વણવપરાયેલા સેસની રકમ છે તેમાંથી બિલ્ડર અને કામદારોનો ફાળો કામદાર રાજ્ય વિમા યોજનામાં (ESI) ભરવો જોઈએ તેમ અમે માંગીએ છીએ.

- દેશના ૭૨ લાખ બીડી કામદારો બીડી સેસ એક્ટ રીપીલ થવાથી તેઓ સામાજિક સુરક્ષા કવચ વિહોણા થઇ ગયા છે. પરંતુ બીડી વેલ્ફેરનું માળખું હજુ છે જ તો તે માળખાનો ઉપયોગ કરીને તેમને કામદાર રાજ્ય વીમા હેઠળ આવરી સામાજિક સુરક્ષા કવચ પ્રદાન કરવું, તેવી અમારી માંગણી છે.
- ઘરખાતા કામદારો, વેચનારા, વેસ્ટ રીસાયકલર્સ,ખેતમજૂરો, માછીમારો, મીઠા કામદારો વગેરેના વેલ્ફેર બોર્ડમાં જે ફંડ એકઠું થયેલું છે તે કામદારોને મળવું જોઈએ. તેમ અમે માંગીએ છીએ.

દરેક નવા ધંધા, રોજી, આવક અને રોજગારી 'ગ્રીન' એટલે કે હરિયાળી હોય અને ગરીબ શ્રમજીવી બહેનોને પહેલાં કામ આપે તે માટે માંગણી કરીએ છીએ.

અમે માંગણી કરીએ છીએ કે, ખેડૂતો માટે સહકારી કોલ્ડ સ્ટોરેજ અને વેર હાઉસ બાંધવા જોઈએ. ઢોરઢાંખર માટે દવાખાના અને ફોડર બેંકો સ્થાપવી જોઈએ.

લુપ્ત થતા ધંધા અને રોજગારી અને કૌશલ્યોને વિચારીને સમજીને સાચવી રાખવા અને લેબર માર્કેટમાં વિવિધતા રાખવી તેવી અમારી માંગણી છે.

**નેટવર્કિંગ :**

બહેનોને રહેવા માટે સુરક્ષિત અને સલામત આવાસો ઉભા કરવા જોઈએ, કૌશલ્યની તાલીમો કામદારો જ્યાં રહે છે તેમના વિસ્તારોમાં મળવી જોઈએ, મનરેગામાં ધંધાઓની તાલીમ અને તકો પણ આવરી લેવી જોઈએ શહેરી ગરીબોને પણ મનરેગા હેઠળ આવરી લેવા જોઈએ, તેમ અમારી માંગણી છે.

ગરીબ અને કામદાર બહેનોના ઉત્પાદન અને ધંધામાં કાર્બન ક્રેડીટમાં ખાસ વધારો આપવો જોઈએ જેથી કામદાર બહેનો નેટ ઝીરો તરફ દેશને આગળ લઈ શકે.

**ભવિષ્ય :**

વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો માટે એકત્રિત કરવામાં આવેલ આંકડાઓ અને ડેટાનો ઉપયોગ જવાબદારીપૂર્વક અને તેના સંગ્રહના હેતુ માટે જ કરવો જોઈએ. અમને આંકડા વાપરવા અને સમજવા મળવા જોઈએ. શહેર અને ગ્રામ્ય-સ્તરની સંસ્થાઓ પાસે મહિલા કામદારોનો સંપૂર્ણ ડેટા હોવા જોઈએ, જે કોઈપણ સમયે રોજગારી અને સામાજિક સુરક્ષા માટે ઉપયોગ કરી શકાય.

અમે માંગણી કરીએ છીએ કે, મીઠું પકવતા મહિલા કામદારોને સૌર પંપ સ્થાપિત કરવા સબસિડી આપવામાં આવે તેમજ જરૂરી વિજળી પૂરી પાડવામાં આવે. આવા સૌર ઊર્જાના સાધનો માટે સંશોધન કરી માછીમાર બહેનો, ખેડૂત બહેનો અને ઘરખાતાના બહેનોને ઉપયોગી સૌર ઊર્જાના સાધનો ખરીદવા સબસીડી આપવી તેમ માંગણી કરીએ છીએ.

કચરો એકત્ર કરવાની પ્રક્રિયાનું ખાનગીકરણ થયું છે. આવી સ્થિતિમાં, વેસ્ટ રિસાયકલર બહેનોના યોગદાનને દરેક શહેરમાં માન્યતા આપવી જોઈએ. તેવી જ રીતે, વળતર મેળવ્યા વિના પર્યાવરણને લાભ આપતા આ વેસ્ટ રિસાયકલર્સને ઘન કચરા વ્યવસ્થાપન પ્રક્રિયામાં દરેક વોર્ડમાં સામેલ કરવા જોઈએ અને તેમને માટે ઘરે-ઘરેથી કચરો એકત્રિત કરવાના કોન્ટ્રાક્ટ આરક્ષિત કરી આપવા જોઈએ તેવી અમારી માંગણી છે.

મહિલા કામદારોની આકાંક્ષાઓ વાસ્તવિકતામાં પરિવર્તિત થાય તેવી આશા સાથે, અમે તમામ રાજકીય પક્ષોને આગામી ચુંટણી ૨૦૨૪માં અમારા વિગતવાર ચૂંટણી આવેદનને ધ્યાનમાં લેવા વિનંતી કરીએ છીએ.

દેશની લાખો ગરીબ મહેનત કરનારી બહેનો ભારતને હિંસામુક્ત, વિકસિત અને સમોલ્લાસ ભરેલું બનાવવા તૈયાર છે.

**- મનાલી**

❑

# ભારત રોજગારી અહેવાલ ૨૦૨૪ : બહેનો અને કામદારો કરશે શું ?

છેલ્લા ત્રણ વર્ષો સામાજિક તણાવ, કોવિડ-૧૯ રોગચાળો અને આર્થિક બદલાવ ભરેલા છે તે પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન) (ILO) અને માનવ વિકાસ સંસ્થાન (ઇન્સ્ટીટયુટ ફોર હ્યુમન ડેવલોપમેન્ટ) સાથે મળી 'ભારત રોજગાર અહેવાલ ૨૦૨૪', ૨૮ માર્ચે બહાર પડ્યો છે. બહેનો આ અહેવાલ આપણે સમજીએ.

બહેનો ખેતી અને તેને સંબંધિત રોજગારીમાંથી જે લોકો બિનખેતી રોજગારી તરફ જઈ રહ્યા હતા તે લોકો હવે ખેતી પર પાછા આવક અને રોજીરોટી માટે આધારિત થવા ફરી રહ્યા છે. આ પાછા પગલા ભરાય છે તે સૌને ચિંતા કરાવે છે.

રોજગારીમાં અમુક પગલાં સૌને આગળ લઈ જાય છે અને અમુક પગલાં ખાસ કરીને ગરીબો, બહેનો અને કામદારોને પાછળ લઈ જાય છે તેમ આ અહેવાલ બતાવે છે. શ્રમ બજારમાં (લેબર માર્કેટમાં) કામદારોની ભાગીદારી વધી અને બેરોજગારી ઘટતી આવી છે પણ યુવાનો અને બહેનો માટે આવો પૂર્ણરોજગારીનો લાભ ઘણો ધીમો અને થોડો અને મોડો છે, તેમ આ અહેવાલ કહે છે. રોજગારીમાં બહેનોને કેમ ભૂલી જવાય છે ?

અહેવાલ કહે છે કે, રોજીની પરિસ્થિતિ ઘણી કથળી રહી છે. જેમકે ખેતીવાડી છોડી બીજા કામો મેળવવા વધુ અઘરા થયા છે. મોટાભાગનું રોજી વગરનું સ્વાશ્રયી એટલે કે, સેલ્ફ-એમ્પ્લોયમેન્ટએન્ડ અનપેઇડ ફેમીલી વર્કએટલે જેના પૈસા નથી ચુકવાતા તેવા પરિવારના બધા કામો બહેનોના માથે આવ્યા છે. યુવા વર્ગને રોજી મળે છે પરંતુ આવક અને ફાયદાની ગુણવત્તા ઘણી ઓછી છે. વેતન અને આવક બંને ક્યાં તો સ્થગિત થઈ ગયા છે કે થોડા પાછા પડે છે, તેમ અહેવાલ કહે છે. આ બાબત ચિંતા ઉપજાવે છે. દેશ આગળ વધે અને બહેનો પાછળ રહે તે ચાલે ? બહેનો વગર, કામદારો વગર એ આગળ ગયેલું બધું પાછું જ આવશે, કે ?

બિહાર, ઓડિશા, ઝારખંડ, ઉત્તર પ્રદેશના રાજ્યોમાં જ્યાં 'સેવા'ની સભ્ય બહેનો આર્થિક કામ કરે છે ત્યાં એમ્પ્લોયમેન્ટ કન્ડીશન ઇન્ડેક્ષ એટલે કે રોજગારી પરિસ્થિતિ આંક ખૂબ નીચો રહ્યો છે જ્યારે દિલ્હી, હિમાચલ પ્રદેશ, તેલંગાના અને ગુજરાતમાં આ આંક (ઈન્ડેક્સ)માં સુધારો થયો છે. પણ આ સુધારો સેવાની સભ્ય બહેનો અને બીજા ગરીબ કામદારોને કેટલે અંશે પહોંચશે તે સેવાની બહેનોએ જોવું રહ્યું.

ખાસ તો ભારતભરના શ્રમ બજાર (લેબર માર્કેટમાં) એ જોવાનું કે, કેટલા ટકા કામદારો ફોર્મલ એટલે કે સંગઠિત વર્ગના કામોમાં જોડાયેલા છે. બીજું, કેટલા ટકા કામદારો રોજેરોજનું કમાય છે ? ત્રીજું, કેટલા ટકા કામદારો સ્વાશ્રયી છે અને છતાંયે ગરીબીરેખા નીચે છે ? ચોથું, કેટલા ટકા કામ કરી શકે તેવા ભાઈ-બહેનો કામ મેળવી અને કરે છે ? પાંચમું, કેટલા ટકા કામદારોની માસિક સરેરાશ આવક વધી છે ? છઠ્ઠું, કેટલા ટકા શાળા અને શાળાથી આગળ ભણેલા યુવાનોને બેરોજગારી જોવી પડે છે ? સાતમું, અને અંતે કેટલા ટકા યુવાનો, ભાઈઓ અને બહેનો બેઉ, શિક્ષણ, તાલીમ અને રોજગારી વગર રખડે છે ? બહેનો, આપણે કામદાર તરીકે શ્રમ બજાર (લેબર માર્કેટ) વધુ સંખ્યામાં અને વધુ વળતરવાળી રોજગારી આપે તે માટે ઝઝૂમવું રહ્યું. કામ વગર કોઈ વિકાસ શક્ય નથી. યાદ કરો, ઈલાબહેન કહેતા હતા કે,''મૂડી વગર ધંધો થાય, વસ્તુ વગર ધંધો થાય, યંત્રો વગર ધંધો થાય પણ માણસ વગર ધંધો-રોજગાર થાય નહીં.''

બહેનો, ભારતના સંગઠિત વર્ગના કામધંધામાં બહેનોની રોજીરોટી આખી દુનિયામાં સૌથી નીચી છે. સને ૨૦૦૦-૨૦૧૯ વચ્ચે લગભગ ૧૪.૪% ઘટી છે. જોકે ૨૦૧૯-૨૦૨૨ની વચ્ચે ૮% વધારો થયો છે. દુનિયાના ૪૭% કરતા ભારતની કામદાર બહેનોનો લેબર ફોર્સ પાર્ટીસીપેશન રેટ (LFPR) ૩૨%એ છે, જે નીચો છે પણ આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (આઇ. એલ. ઓ.)ના ડેટા પ્રમાણે દક્ષિણ એશિયાના ૨૪% કરતા વધુ છે, તેમ અહેવાલ કહે છે.

બાંધકામ મજૂર અને સંલગ્ન સેવાઓનો ફાળો ૨૦૧૯માં ૩૨% થયો છે પરંતુ ઉત્પાદક ઉદ્યોગોમાં ૧૨% થી ૧૪% રહ્યો છે, તે ચિંતાનો વિષય છે.

યુવાન ભાઈઓ અને ક્યારેક પણ હંમેશા નહી તેવી બહેનોની રોજગારી વધી છે પણ રોજગારીની ગુણવત્તા નીચી રહી છે. ૨૦૦૦થી ૨૦૧૯માં યુવાનોની રોજગારી અને અર્ધ રોજગારી વધી છે. બેરોજગારીથી અસર થયેલા લોકોમાંથી ૮૨% તો યુવા વર્ગ

શ્રી મહિલા સેવા સહકારી બેંક લી.

# ગોલ્ડ લોન

તમારા સોનાના દાગીના પર ઝડપથી લોન મેળવો.

**તમારા સોનાના દાગીના ઉપર તુરંત રૂપિયા મેળવો.**

- તમારા સોનાના દાગીના સુરક્ષિત રહેશે.
- બેંકની નજીકની કોઇપણ શાખામાંથી બેંકના સમય દરમ્યાન તુરંત રૂપિયા મળી શકશે.



માત્ર ૧૫ મિનીટમાં

૬૦ મહિના સુધીની રી-પેમેન્ટની સુવિધા

**મુખ્ય શાખા**

૧૦૯, સાકાર-૨, પહેલો માળ,
એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોનઃ ૦૭૯-૨૬૫૮ ૧૫૯૭, ૨૬૫૮ ૧૬૫૨
ઇ-મેલ : mail@sewabank.com
વેબસાઇટ : www.sewabank.com

છે અને ૬૭% તો ભણેલા યુવા વર્ગ છે. એટલે ભણતર મળ્યા છતાં હજુ ઘણા બધા યુવાન ભાઈ-બહેનોને રોજગારી આપવાની આપણે સૌએ જવાબદારી લેવી પડશે.

આબોહવા અને પર્યાવરણ બદલાવથી મજૂરો અને મજૂરી વધુ ઝડપી અને વધુ પ્રમાણમાં વિપત્તિમાં આવશે, તેમ આ અહેવાલ કહે છે. બળબળતો તાપ અને ભારે વરસાદમાં પાણીની રેલમછેલ અને વારંવારના વાવાઝોડા રોજી અને રોટી બેઉ છીનવી લેશે, તેમ આ અહેવાલ કહે છે.

સૂર્ય ઉર્જા અને પવન ઉર્જાના ૨૦૩૦ના રિન્યુએબલ એનર્જીના લક્ષ્યાંકો પૂર્ણ કરવા કામદારો અને કૌશલ્યની ભારતભરમાં મોટા પ્રમાણમાં જરૂર છે. યુવાન અને શિક્ષિત ભાઈ-બહેનોને જ્યાં લગભગ ૩૦ લાખ નવા રોજગાર ઉભા થાય તેમ છે એમાં બહેનોને રોજગારી કેમ મળે તે આપણે જોવું જોઈએ. રિન્યુએબલ એનર્જી મહિલા કામદારો માટે સંરક્ષિત રાખો.

**કરીશું શું ?**

બહેનો હવે કરીશું શું ? પહેલાં તો રોજગારીની તકો ઉભી કરીશું અને સરકાર તથા ઉદ્યોગો પાસે તે કરાવીશું. બીજું, રોજગારીની ગુણવત્તા સુધારીશું અને સરકાર અને મૂડીપતિ પાસે તે સુધરાવીશું. ત્રીજું, શ્રમ બજાર (લેબર માર્કેટ)માં ભાઈ-બહેનોની રોજીરોટી વચ્ચેનો તફાવત, શહેરો અને ગામડાની રોજીરોટી વચ્ચેનો તફાવત, ચાલુ અને નવા કૌશલ્યો વચ્ચેનો તફાવત ઘટાડવા સરકાર અને ઉદ્યોગોને પગલાં લેવા ખાસ વિનંતી કરીશું. ચોથું, હાથમાં છે એને બજારમાં ઉપયોગી છે તે કૌશલ્યો બચાવી, ટકાવી અને ઉત્પાદક કરીશું. પાંચમું, જ્યાં જ્યાં માહિતી અથવા જ્ઞાન-વિજ્ઞાનને લીધે યુવા વર્ગ ધંધા વગર રહી જાય છે તે ખાલી જગ્યા સરકાર પાસે ખાસ પુરાવીશું. છઠ્ઠું, 'કેર ઈકોનોમી' એટલે કે, સાર સંભાળનું અર્થતંત્ર અને ડિજિટલ અર્થતંત્રમાં વધારે મૂડીરોકાણ જરૂરી છે તે માંગીશું. અને સાતમું, અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે કાયદાઓ અને નિતિ, નિયમો ઘડાવા જરૂરી છે જેથી તેમને એક સુરક્ષા મળે માટે કામદારોને કાયદાઓ નીચે આવરી લેવા જરૂરી છે તે માટે સરકાર પગલાં લે તે માટે ફરી ફરીને માંગ કરીશું. ગમે ત્યારે કામ જતું રહે,


રૂડી મલ્ટી ટ્રેડિંગ કંપની લિમિટેડ
બહેનોની દૂસરી આઝાદી

**મસાલા બજાર**
**5 થી 15 એપ્રિલ**

**અમારા ઉત્પાદનો**

| આખા મસાલા | દળેલા મસાલા |
|---|---|
| રાઈ | હળદર |
| જીરું | લાલ મરચું |
| ધાણા | ધાણા જીરું |
| મેથી | ગરમ મસાલા |
| અજમો | સંભાર મસાલો |
| વરિયાળી | રસમ મસાલા |
| આખા મરચાં | |

**અમારી ઑફર્સ**

- મરચું પાવડર + હળદર પાવડર + ધાણા જીરુ પાવડર + ગરમ મસાલાનું 1 કિલોનું કોમ્બો પેક ખરીદો અને 10% ડિસ્કાઉન્ટ મેળવો
- અમારા સ્પેશિયલ 200 GM રસમ મસાલો + સંભાર મસાલો ખરીદો અને મેળવો 5% ડિસ્કાઉન્ટ
- કોઈપણ 3 આખા મસાલાનું 1 KG કોમ્બો પેક ખરીદો અને 10% ડિસ્કાઉન્ટ મેળવો
- 1000 ની કિંમતની ખરીદી કરો અને રાઈનું 200 GM પેક મફતમાં મેળવો
- 1500 ની કિંમતની ખરીદી કરો અને રાઈ અને મેથીનું 200 GM પેક મફતમાં મેળવો
- 2000 ની કિંમતની ખરીદી કરો અને રાઈ, જીરુ અને મેથીનું 200 GM પેક ફ્રીમાં મેળવો

કમલા, પ્લોટ નં. 444-445, રામાપીર મંદિરની બાજુમાં, લેન સામે, ગુરુદ્વારા, બોડકદેવ
**કમલા આઉટલેટ્સ પર ઉપલબ્ધ છે: બોડકદેવ | નવરંગપુરા | બહુમાળી | IIM**
**079-25506441**

‘ANASOOYA’ R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024

Ahmedabad P.S.O.
6-4-24

વેતન વધઘટ થાય અને કામ મળે કે ન મળે, પૂરતી આવક એક ધંધામાંથી ના મળતી હોવાથી એક સાથે બે કામ કરવા પડે છે કે, કામ વધારે કલાકો સુધી કરવું પડે છે. જે ના થાય તે માટે સરકાર પગલાં લે તે કરીશું. અને આઠમું, ૯૩% અસંગઠિત ક્ષેત્રને સામાજિક સુરક્ષા જોડે જોડવા ખૂબ જરૂરી છે તેમજ જે સામાજિક સુરક્ષાના કાયદાઓ છે તે પણ રીપીલ થાય છે તેથી મોટી સંખ્યામાં કામદારો સામાજિક સુરક્ષા કવચ વગરના થાય છે તે ના થાય તેમ કરવું જરૂરી છે. નવમું, સ્વાશ્રયી કામદારો અસંગઠિત ક્ષેત્રનો એક મોટો ભાગ છે જેમ કે, વેસ્ટ રિસાયકલર્સ, વેચનારા, મીઠા કામદાર, નાના અને સિમાંત ખેડૂતો, જેમનો દેશના આર્થિક વિકાસમાં મોટો ફાળો છે. તેમને જોઇતા ધંધાના સાધનો તેમજ તેમની ધંધાની જગ્યાઓ સુરક્ષિત રહે તેવી સતત ચિંતા કરવી પડે છે તેની સામે ઉપાય કરવા પડશે.

વધુમાં બિનખેતી વિસ્તારમાં હજારો નહિ પરંતુ લાખો રોજગારી ઘેર બેઠાબેઠા, ખેતરે બેઠાબેઠા, ગામના પાદરે સહકારી મંડળીમાં બેઠાબેઠા કે, ગામના ચોરામાં ધંધા ચલાવી રોજગારી કરવાની તકો ઉભી કરવી પડશે. અને છેલ્લે બહેનો અનેક અને દરેક નાના ધંધાઓને ડિજિટલાઈઝેશનના સાધનો અને ટેકનોલોજી મળે તે માટે સરકારી પગલાંની માંગણી કરીશું. બહેનોને જોઈએ અને ઉપયોગી હોય તેવી ટેકનોલોજી વિકસાવીશું નહીં કે વિકસાવેલી ટેકનોલોજી, બહેનોને ખોટ ખવડાવી, હપતા ભરાવી વેચાતી લેવડાવીશું.

❑

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 6-4-24

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]